# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 14-03-2024** **Evening : 7.10 to 7.20**

**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા

પ્રાદેશિક સમાચાર **હેમાંગિની સોનારા** વાંચે છે.

---

-------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

## P.BHARTI- ELECTION

મુખ્ય ચૂંટણી અધિકારી પી. ભારતીએ જણાવ્યું છે કે, ચૂંટણી પંચ દ્વારા લોકસભાની સામાન્ય ચૂંટણી અંગેના કાર્યક્રમની જાહેરાત કરવામાં આવે તે દિવસથી જ આદર્શ આચારસંહિતા અમલમાં આવશે.

તેમણે વધુમાં ઉમેર્યું કે, રાજ્યમાં આદર્શ આચારસંહિતાનું પાલન થાય તેવી વ્યવસ્થા સુનિશ્ચિત કરવા ચૂંટણી તંત્ર દ્વારા નોડલ અધિકારીઓની નિમણૂંક કરવામાં આવી છે. આ તમામ અધિકારીઓને ચૂંટણી પ્રક્રિયા અંગેની વિસ્તૃત તાલીમ પણ આપવામાં આવી છે.

સુશ્રી ભારતીએ જણાવ્યું કે, આ ઉપરાંત, નિષ્પક્ષ વાતાવરણમાં ચૂંટણી પ્રક્રિયા સંપન્ન થાય તે માટે ચૂંટણી પ્રક્રિયા સાથે સંકળાયેલા ૪૬૦થી વધુ અધિકારીઓ તથા કર્મચારીઓની બદલી કરવામાં આવી છે.

રાજ્યમાં શાંતિપૂર્ણ માહોલમાં ચૂંટણી પ્રક્રિયા યોજાય તે માટે ચૂંટણી તંત્ર દ્વારા તમામ તૈયારીઓ કરી દેવામાં આવી છે.

## NIFT CONF.

ગાંધીનગર ખાતેની નેશનલ ઇન્સ્ટીટ્યુટ ઓફ ફેશન ટેક્નોલોજીમાં ફેશન ઉદ્યોગસાહસિકતામાં મિશન લાઇફ સાથે ટકાઉ વિકાસ આ વિષય પર બે દિવસીય આંતરરાષ્ટ્રીય પરિષદનો આજથી આરંભ થયો છે. આ પરિષદ દરમિયાન 100 જેટલા સંશોધન દસ્તાવેજો રજુ કરાશે, જેમાં માગણી પુરવઠા સાંકળમાં અને નીતીઓમાં થઇ રહેલા બદલાવ અંગે વિચાર વિર્મશ થશે. આ પરિષદ અંગે વધુ માહિતી આપતાં NIFT ના નિર્દેશક ડો. સમીર સુદે આ મુજબ જણાવ્યું...

(બાઇટ- સમીર સુદ)

## PM- SWANIDHI LOAN VITRAN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે દિલ્હીમાં પીએમ સ્વનિધિના લાભાર્થીઓને સંબોધિત કરશે. આ પ્રસંગે પ્રધાનમંત્રી એક લાખ ફેરિયાઓને યોજના હેઠળ લોનનું વિતરણ કરશે. શ્રી મોદી દિલ્હી મેટ્રોના ચોથા તબક્કાના બે વધારાના કોરિડોરનો શિલાન્યાસ પણ કરશે.

## A'VAD- SWANIDHI CAMP

અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા તમામ ઝોનમાં પી.એમ સ્વનિધિ યોજના હેઠળ સ્વનિધિ સે સમૃધ્ધિ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે, લોન મેળવનાર શેરી ફેરીયાઓ તથા તેમના પરિવારજનો મોટી સંખ્યામાં હાજર રહી સરકારની જુદી જુદી યોજનાના લાભ મેળવ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, પી.એમ.સ્વનીધિ યોજના અંતર્ગત લોન મેળવનાર શેરી ફેરિયાઓને સરકારના પોર્ટલ ઉપર સોશિયલ ઈકોનોમિક પ્રોફાઈલ ભર્યા બાદ લાભાર્થીઓને વિવિધ આઠ યોજનાઓનો લાભ આપવામાં આવે છે.

### A'VAD- AMIT SHAH- VIKAS KAM

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની વર્ચુઅલ ઉપસ્થિતીમાં આજે અમદાવાદ મહાનગરપાલિકા તેમજ અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ ઔડાના ત્રણ હજાર કરોડના વિવિધ વિકાસકામોના લોકાપણ અને ખાતમુર્હુત કરાશે. ગૃહમંત્રી અમિત શાહ પાંજરાપોળ, ગોતા વંદે માતરમ

અંડરપાસનું ખાતમુર્હુત કરાવશે. બોપલ, ઘુમા અને શેલાને જોડતાં મુમદપુરા અંડરપાસનું લોકાર્પણ થશે.

## HOLI/ DHULETI- EXTRA S.T.BUS

હોળી- ધૂળેટીના તહેવાર નિમિત્તે એસ.ટી. નિગમ દ્વારા 19થી 25મી માર્ચ દરમિયાન વધારાની 1500 બસો દોડાવાશે.

ફૂલડોલ ઉત્સવ દરમિયાન શ્રદ્ધાળુઓને યાત્રાધામ ડાકોર અને દ્વારકા પહોંચાડવા માટે વધારાની ૫૦૦ બસો દ્વારા ૪ હજાર ૫૦૦ જેટલી ટ્રીપોનું સંચાલન કરવામાં આવશે. મુસાફરો ડેપો ખાતેથી તથા નિગમની વેબસાઈટ અને મોબાઇલ એપ્લિકેશન પરથી ઓનલાઈન બુકિંગ કરાવી શકશે.

## BHARAT VIKAS DIARY- EP. - 24

પ્રાદેશિક સમાચાર વિભાગ દ્વારા આજે રાત્રે આઠ વાગે પ્રસારિત થનાર “ભારત વિકાસ ડાયરી” કાર્યક્રમના 24મા અંકમાં જામનગર લોકસભા વિસ્તારના વિકાસની ગાથા રજુ કરવામાં આવશે.

## LOKSABHA- ELECTION

લોકસભાની ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે, ત્યારે રાજ્યભરમાં મતદાન જાગૃતિના વિવિધ કાર્યક્રમો યોજાઇ રહ્યા છે..

જે અંતર્ગત, મહીસાગર જીલ્લાના બાલાશિનોર ખાતે મતદાન જાગૃતિનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મતદારોને મતદાન મથક પર ઉપલબ્ધ થતી સુવિધાઓ તેમજ મોબાઈલ એપ પર ઉપલબ્ધ થતી સુવિધાઓ વિશે માહિતગાર કરાયા હતા.

છોટા ઉદેપુર જિલ્લાના કલારાણી અને બોરધા ખાતે આગામી લોકસભાની ચૂંટણીને લઈ પોલીસ અને CRPFના જવાનો દ્વારા ફ્લેગ માર્ચ યોજાઈ હતી. અમારા  છોટા ઉદેપુર જિલ્લાના પ્રતિનિધિ રાજેશ રાઠવાના જણાવ્યા મુજબ, કાયદો અને વ્યવસ્થા જાળવવા તેમજ ચૂંટણી દરમિયાન આદર્શ આચારસંહિતાની અમલવારી થાય તથા શાંતિપૂર્ણ માહોલમાં ચૂંટણી યોજાય તે હેતુથી આ ફલેગ માર્ચ યોજાઇ હતી.

## KAG AWARD

અમરેલી જિલ્લાના લોકસાહિત્યકાર કવિ દુલાભાયા કાગની સ્મૃતિમાં દર વર્ષે તેમની પુણ્યતિથિ નિમિત્તે ગઇકાલે કાગ ઉત્સવનું આયોજન મજાદર ખાતે કરવામાં આવ્યું હતું. અમારા ભાવનગર જિલ્લાના પ્રતિનિધિ સુરેશ ત્રિવેદીના જણાવ્યા મુજબ, લોક સાહિત્યકારો લાખણશી ગઢવી, દેવરાજ ગઢવી, રાજુલ દવે અને સ્વર્ગસ્થ મનુ જોધાણી તથા રાજસ્થાનના ગિરધરદાન દાસોડીને કાગ પુરસ્કાર અર્પણ કરાયો હતો..

## MORBI- NASHAKARAK SYRAP

મોરબી જીલ્લાના રંગપર ગામ નજીકથી એલસીબીની ટીમે નશાકારક કફ સીરપનો અંદાજે 2 કરોડ જેટલો જથ્થો ઝડપાયો છે.

અમારા મોરબી જિલ્લાના પ્રતિનઘિ રવિ મોટવાણી જણાવે છે કે, મોરબીના લાતી પ્લોટ વિસ્તારમાં આવેલી એક ઓફિસમાં પોલીસ દ્વારા બાતમીના આધારે દરોડા પાડતા આ નશાકારક કફ સીરપનો જથ્થો મળી આવ્યો હતો. મોરબી પોલીસે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે..